***R.C.S.105/2017***

દાવો દાખલ તારીખઃ– ૨૧/૦૭/૨૦૧૭
દાવો રજી. તારીખઃ– ૨૧/૦૭/૨૦૧૭
દાવો ફૈંસલ તારીખઃ– ૨૯/૦૫/૨૦૨૩
અવધિ:: વર્ષ:: માસ:: દિવસ::
**૦૫:: ૧૦ :: ૦૯::**

**<u>ગઢડાના મહે.પ્રિન્સીપાલ સિવીલ જજ સાહેબની કોર્ટમાં, ગઢડા</u>**

**રે.દિ.કે.નં.૧૦૫/૨૦૧૭**
**આંક–૬૫**

**<u>વાદીઓઃ–</u>** ઈન્દુબેન ડો/ઓ. પરશોતમભાઈ ખોડાભાઈ વિસાણી
વા/ઓ. વિનોદભાઈ લખતરીયા,
મુળ રહે. ભંડારીયા, તા.ગઢડા, જિ.બોટાદ,
હાલ રહે. ટી.બી. હોસ્પીટલ પાછળ, ૭, ગજાનંદ પાર્ક,
રઘુવીર રોડ, સુરેન્દ્રનગર.

**<u>વિરુઘ્ધ</u>**

**<u>પ્રતિવાદીઓઃ–</u>** ૧. મગનભાઈ પરસોતમભાઈ વિસાણી, રહે.રાજકોટ,
૨. કનુભાઈ પરસોતમભાઈ વિસાણી, રહે. ભંડારીયા,
૩. લલીતાબેન પરસોતમભાઈ વિસાણી, રહે. ભાવનગર,
૪. સ્વ. મધુબેન પરસોતમભાઈ વિસાણી વા/ઓ. મનોજભાઈ વંકાણીના વારસદારો
૪.૧ હેમેન્દ્રભાઈ મનોજભાઈ વંકાણી,
૪.૨ જીજ્ઞેશભાઈ મનોજભાઈ વંકાણી,
૪.૩ તુષારભાઈ મનોજભાઈ વંકાણી,
તમામ રહે. ભાવનગર, તા.જી. ભાવનગર.

---

**<u>દાવોઃ–</u>** રૂા.૮૬૪/– ના આંકથી વડીલો પાર્જીત અવિભાજય મિલ્કતમાંથી વારસદારનાં હકક હિસ્સાની રૂઈએ હિસ્સો મેળવવા તથા ઉપજ નીપજ (મીન્લ પ્રોફીટ) મેળવવા તથા રૂા.૩૦૦/– ના આંકથી કાયમી પ્રકારનો મનાઈ હુકમ મેળવવા બાબત.

---

××××××××××××××××××××××××××××××××××××××××××××××××××××××××

**વાદી તરફે વિ.વ.શ્રી :– ડી.એ. માલવણીયા.**
**પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી :– ટી.આર. વાઘેલા.**
**પ્રતિવાદી નં.૨ તરફે વિ.વ.શ્રી :– વી.એમ. ખાચર.**
**પ્રતિવાદી નં.૩, ૪.૧, ૪.૨, ૪.૩ તરફે એક તરફી હુકમ આંક–૧ હેઠળ**

××××××××××××××××××××××××××××××××××××××××××××××××××××××××

**(૧)** વાદી તરફે વિ.વશ્રીની મૌખિક દલીલો સાંભળી. પ્રતિવાદી નં.૨ તરફે વિ.વશ્રીની મૌખિક દલીલો સાંભળી. વાદીનો દાવા **આંક–૧** વંચાણમાં લીધો. પ્રતિવાદી નં.૧નો લેખિત જવાબ **આંક–૧૪** વંચાણમાં લીધો. પ્રતિવાદી નં.૨ તરફે રજુ લેખિત જવાબ **આંક–૧૨** વંચાણમાં લીધો. વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ **આંક–૩૧** થી **આંક–૩૭** વંચાણમાં લીધા. પ્રતિવાદી નં.૨ તરફે રજુ દસ્તાવેજી પુરાવા **આંક–૪૫** થી **આંક–૫૧** વંચાણમાં લીધા. વાદી તરફે રજુ સરતપાસ **આંક–૨૯** તથા ઉલટતપાસ વંચાણમાં લીધી. પ્રતિવાદી નં.૨ તરફે રજુ સરતપાસ **આંક–૪૨** તથા ઉલટતપાસ વંચાણમાં લીધી.

**(૨)** વાદીની દાવા **આંક–૧**ની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી ગઢડા તાલુકાના ભંડારીયા ગામના વતની છે વાદીની વડલો પાર્જીત જમીન તથા મકાનો ભંડારીયા ગામે આવેલ છે હાલમાં વાદીના લગ્ન થઈ ગયેલ છે. વાદીને બે સંતાન પુત્રો છે અને વાદીના પતિ તથા બાળકો અલગ–અલગ રહે છે વાદી પોતે વૃધ્ધ ઉમરના હોય હાલમાં એકલવાયુ જીવન સુરેન્દ્રનગર ખાતે રહી ગુજરેલ છે. સદરહું દાવાના પ્રતિવાદીઓ વાદીના કુટુંબી ભાઈ તથા બહેન તથા બહેનના ભાણીયાઓ થાય છે. પ્રતિવાદી નં.૧ રાજકોટ તથા પ્રતિવાદી નં.૨ ભંડારીયા, પ્રતિવાદી નં.૩ તથા પ્રતિવાદી નં.૪.૧ થી ૪.૩ નાઓ ભાવનગર ખાતે રહે છે અને ખેતી તથા ધંધો વ્યાપાર ધરાવે છે.

**(૨.૧)** વાદીના ગુજ. પિતાશ્રી પરસોતમભાઈ ખોડાભાઈ વિસાણીના ખાતે ભંડારીયા મુકામે ખેતીની જમીન ખાતા નં.૬૮ થી રે.સ.નં.૩/૧ ની હે.૪.૫૯.૩૨ આરેની આવેલી છે જેમા વાદીના પિતાશ્રી તા.૨૩.૦૭.૧૯૯૪ ના રોજ ગુજરી જતા તેમના વારસદારોની એન્ટ્રી ખાતામાં પડતા તેમા વાદીનાં માતા વિજયાબેન, મગનભાઈ, કનુભાઈ, શાંતુબેન, લલીતાબેન, મધુબેન તથા વાદી ઈન્દુબેનના નામો તા.૨૮.૦૭.૧૯૯૪ ના રોજ દાખલ કરવામાં આવેલ ત્યારબાદ વાદીના બહેન શાંતુબેને પોતાનો હકક હિસ્સો જતો કરેલ છે અને હાલમાં વાદીના માતા વિજયાબેન પણ ગુજરી ગયેલ છે આમ હાલમાં વાદીના પિતાશ્રીના કુલ ૫ વારસદારો છે. જેમાથી મધુબેન પણ તા.૧૬.૦૬.૨૦૦૬ના રોજ ગુજરી જતા તેમના ૩ પુત્રોએ પોતાના નામો રેવન્યુ રેકર્ડમાં ચડાવવા માટે અરજી આપેલ છે અને તેની કાચી નોંધ પડેલ છે અને આમ સ્વ. મધુબેનના વારસો હેમેન્દ્રભાઈ, મનોજભાઈ, જીજ્ઞેશભાઈ, મનોજભાઈ, તુષારભાઈ મનોજભઈના નામોની કાચી નોંધ પડેલ છે. એ રીતે હાલમાં સ્વ. પિતાજીની રેવન્યુ ખાતાની ખેતીની જમીનમાં કુલ ૫ વારસો છીએ અને સંયુકત જમીન આવેલ છે તેમજ ભંડારીયા ગામે વાદીના ગુજ. પિતાશ્રીના ત્રણ મકાનો પણ આવેલ છે અને તેમા પણ વાદીઓનો સંયુકત ભાગ છે જે ખેતીની જમીન તથા મકાનોમાં વાદીનો જે ભાગ / હિસ્સો આવે છે તે ૧/૫ પ્રમાણેનો છે અને તે વણવહેચાયેલો હિસ્સો છે હાલમાં ખેતીની જમીન વાદી તથા પ્રતિવાદીઓના સંયુકત નામે આવેલ છે તેમજ એક મકાન પ્રતિવાદી નં.૨ નાએ પોતાના નામે ભંડારીયા મુકામે કાયદા મુજબની પ્રોસીઝર અપનાવ્યા વગર પોતાના નામે કરાવી લીધેલ છે.

**(૨.૨)** વાદી તથા પ્રતિવાદીઓની વડીલોપાર્જીત અવિભાજય પ્રકારની મિલ્કત ભંડારીયા ગામે ખાતા નં.૬૮ વાળી રે.સ.નં.૩/૧ વાળી હે.૪.૫૯.૩૨ આરેની જુની શરત પ્રકારની વાળંદવાળુના નામે ઓળખાતી જમીન જેનો આકાર રૂા.૨૧.૬૦ પૈસા વાળી પીયત પ્રકારની જમીન આવેલ છે જેની ચર્તુદિશા નીચે મુજબની છે.

**પુર્વઃ—** નરશીભાઈ રામાભાઈ પરમાર (મુખી)ની જમીન આવેલ છે.

**પશ્વીમઃ—** ભુદાનની ખેતીની જમીન આવેલ છે.

**ઉત્તરઃ—** ભુદાનની ખેતીની જમીન તથા હરીભાઈ ડાહયાભાઈની ખેતીની જમીન આવેલી છે.

**દક્ષીણઃ—**ગાડા મારગ આવેલ છે.

ઉપરોકત ચર્તુદિશાવાળી જે જમીન આવેલ છે તેમાંથી વાદીના ભાગે ૧/૫ નો હિસ્સો આવેલ છે જે હિસ્સો અમારા ભાગે આવેલ છે તે જમીનનાં હિસ્સાની ચર્તુદિશા નીચે મુજબ છે.

**પુર્વઃ—** સદરહું વાદીની બાકીની સંયુકત ખાતાવાળી જમીન આવેલ છે.

**પશ્વીમઃ—** ભુદાનની ખેતીની જમીન આવેલ છે.

**ઉત્તરઃ—** ભુદાનની ખેતીની જમીન આવેલ છે.

**દક્ષીણઃ—**સદરહું ખેતીની જમીન આવેલ છે.

સદરહું ઉપરોકત જમીનમાં આવવા જવાનો મારગ દક્ષીણ દિશાએથી આવેલ છે. એટલે કે સદરહું ખેતીની જમીનમાં વાદીનો ૧/૫ નો હિસ્સો સદરહું ખેતીની જમીનમાં આથમણા ભાગે ઉત્તર તથા પશ્વીમના ખુણામાં આવેલ છે જયા એક પાકો કુવો આવેલ છે. તે જમીન વાદીના ગુજ. પિતાશ્રી જીવીત હતા ત્યારે ઘરમેળે ભાગ પાડવામાં આવેલ હતા અને વાદી પરણીત હોય વાદીના ભાઈ પ્રતિવાદી નં.ર નાએ કહેલ કે હું હાલમાં તારા ભાગની ખેતીની જમીન સંભાળુ અને માવજત કરુ તારી જમીનની જે ઉપજ નીપજ આવશે તેમાંથી ૪૦% રકમ આપીશ. આમ વાત કરતા વાદીએ હા પાડેલ અને વાદીને થોડોક સમય સુધી આ રકમ આપેલ ત્યારબાદ વાદીને રકમ આપવાની બંઘ કરી દિઘેલ અને વાદીને પછી કહેલ કે ખેતીની જમીનમાં ઉપજ નીપજ દેવાની નથી એટલે કાઈ આવક થતી નથી. આમ કરીને તે બધી આવક હડપ કરતા આવ્યા છે.

**(૨.૩)** ભંડારીયા મુકામે વડીલોપાર્જીત કુલ ત્રણ મકાનો આવેલ છે જેમા પ્રથમ મકાનની ચર્તુદિશા નીચે મુજબ છે.

**(૧)** **<u>પ્રથમ મકાનની ચર્તુદિશા નીચે મુજબ છે.</u>**

**<u>પુર્વઃ–</u>** નરશીભાઈ રામાભાઈ પરમાર (મુખી)ની જમીન આવેલ છે.

**<u>પશ્ચીમઃ–</u>** ભુદાનની ખેતીની જમીન આવેલ છે.

**<u>ઉત્તરઃ–</u>** ભુદાનની ખેતીની જમીન તથા હરીભાઈ ડાહયાભાઈની ખેતીની જમીન આવેલી છે.

**<u>દક્ષીણઃ–</u>** ગાડા મારગ આવેલ છે.

**(૨)** **<u>બીજા મકાનની ચર્તુદિશા નીચે મુજબ છે.</u>**

**<u>પુર્વઃ–</u>** જાહેર રસ્તો આવેલ છે.

**<u>પશ્ચીમઃ–</u>** બીજા મકાન આવેલ છે.

**<u>ઉત્તરઃ–</u>** બાલાભાઈનું મકાન આવેલ છે.

**<u>દક્ષીણઃ–</u>** સુરેશભાઈ રણછોડભાઈનું મકાન આવેલ છે.

**(૩)** **<u>ત્રીજા મકાનની ચર્તુદિશા નીચે મુજબ છે.</u>**

**<u>પુર્વઃ–</u>** જાહેર રસ્તો આવેલ છે.

**<u>પશ્ચીમઃ–</u>** ખુલ્લો પ્લોટ આવેલ છે.

**<u>ઉત્તરઃ–</u>** રસ્તો આવેલ છે.

**<u>દક્ષીણઃ–</u>** બીજા મકાન આવેલ છે.

આમ, વાદી તથા પ્રતિવાદીઓની વડીલોપાર્જીત ખેતીની જમીન તથા મકાનમાંથી ઘરમેળે સમજુતીના ભાગ રૂપે વાદીનો હિસ્સો ૧/૫ ભાગ વારસાઈરૂએ આવેલ છે અમો વાદી સહ–હિસ્સ ેદાર છીએ અમો દાવાના પક્ષકારોની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં વણવહેંચાયેલી છે અને વાદીનો હિસ્સો હાલમાં પ્રતિ.નં.રના હડપ કરી જવા માંગે છે અને તેને પ્રતિવાદીનં.૧ તથા બીજા પ્રતિવાદીઓ સહકાર આપે છે. અમો વાદીના ખાતે ઘરમેળેની વહેંચણવાળી ખેતીની જમીન રે.સ.નં.૩/૧ માં ૦.૯૧.૮૬ હે.આરે.ચો.મી. એટલે કે અંદાજીત સાડા પાંચ વીઘા જેવી પીયત જમીન આવેલ છે તે જમીન આ કામના પ્રતિવાદીઓ મળીને વાદીનો હકક ડુબાડવા માંગે છે.

**(૨.૪)** વાદી આજથી ત્રણેક માસ પહેલા વાદીના હિસ્સે આવેલ ખેતીની જમીનમાં કામ સબબ ગયેલા પ્રતિવાદી નં .૧ તથા રનાએ એમ કહેલ કે આ જમીન હવે અમારી છે અને અમો આ જમીન વેંચી નાખવાના છીએ તું આ જમીનમાં આવતી નહી. આવી વાત કરતા વાદીએ સગા–વાલા તેમજ વડીલોને વાતચીત કરેલી અને આ કામના પ્રતિવાદીઓને સમજાવવાનો પ્રયત્ન કરેલો પરંતુ નહી સમજતા વાદીએ તા.૧૫.૦૫.૨૦૧૭ના રોજ એક નોટીસ પણ આપેલ છે જે પ્રતિવાદીઓને મળી ગયેલ છે. ત્યારબાદ વારં વાર વાદીના ભાઈ પ્રતિ.નં.૧,રનાને રૂબરૂ મળતા પરંતુ તેઓ કાંઈ સમજવા તૈયાર ન હોય. વાદી આજથી ૧૫ દિવસ પહેલા સદરહું ખેતીની જમીન વાદીના ભાગે આવેલ છે તેની જાણ કરવા ગયેલ તો આ કામના પ્રતિ.નં.રનાએ કોઈ બહારના ઈસમોને જમીન વેચાણ આપવા અંગે બોલાવેલા, આવી જાણ વાદીને થતા સદર મિલ્કત અનઅધિકૃત રીતે ટાન્સફર કે તબદીલ કરવા પ્રયત્ન કરી રહેલ છે અને અટકાવવા ખુબ જ જરુરી અને ન્યાયી હોય અને તેની વિરુઘ્ધ કાયમી પ્રકારનો મનાઈ હુકમ મેળવવો જરુરી હોય જેથી હાલની આ દાવા અરજી દાખલ કરવાની ફરજ પડેલ છે.

**(૨.૫)** પ્રતિવાદીઓ સદરહું વડીલોપાર્જીત મિલ્કતના હિસ્સા રેવન્યુ રેકર્ડમાં પાડવા માટે વાત કરેલી તેમ છતા તેઓ અકકડ વલણ રાખીને અમો વાદીને હિસ્સે આપવાનો નથી તેમજ આ જમીન ગમે તે આસામીને વેચાણ કરી નાખીશુ તેમ વાત કરતા વાદી અલગ હિસ્સો કરવા, મેળવવા હાલનો દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે અને હાલમાં સતત ચાલુ છે વાદીના ભાગે ૧/૫ જમીન પશ્વીમ ઉત્તર બાજુનો કુવાવાળો હિસ્સો આવેલ છે તે આ કામે પ્રતિવાદી કોઈને વેચાણ બક્ષીસ ગીરો ન કરે તે માટે થઈને વાદીને કાયમી પ્રકારનો મનાઈ હુકમ મેળવવા દાવા અરજી કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

અમો વાદીના ભાગે આવતી ૧/૫ હિસ્સાની ખેતીની જમીન ૦.૯૧.૬૮ હે.આરે.ચો.મી.નો જુદો હિસ્સો પાડી આપવા કાયમી મનાઈ હુકમ આપવા તથા ૧/૫ વાદીના હિસ્સાનો મીન્સપ્રોફીટ આપવા તથા ખર્ચ આપવા અરજ કરેલ છે.

**(૩)** પ્રતિવાદી નં.૧ તરફે રજુ દાવાનો લેખિત જવાબ **આંક–૧૪** થી રજુ રાખેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, અમો પ્રીતવાદીનં.૧ જે ગઢડા તાલુકાના ભંડારીયા ગામના મુળ વતની છીએ. અમો વડીલોપાર્જીત ખેતીની જમીન ખાતા નં.૬૮ સર્વે નં.૩/૧ થી ૧૧ એકર ૧૪ ગુંઠા ખેતીની જમીન તથા મકાન–મિલ્કતની જમીન ભંડારીયા ગામે આવેલ છે જેના અમો સંયુકત હકકદાર છીએ. જે ખેતીવાડીની અમો સમયપ્રમાણે જરુરી દેખભાળ પણ રાખીએ છીએ. અમોના પિતાશ્રી તા.૨૩.૦૭.૧૯૯૪ના રોજ થયેલ અવસાન બાદ તેમના સીધી લીટીના વારસદારો તરીકે તા.૨૮.૦૭.૧૯૯૪ થી ગામ નમુના–૬ હકકપત્રક વારસાઈની થયેલ નોંધ મુજબ (૧) વિજયાબેન પરસોતમભાઈ (માતૃશ્રી), (૨) મગનભાઈ પરસોતમભાઈ (પુત્ર), (૩) કનુભાઈ પરસોતમભાઈ (પુત્ર), (૪)

શાંતુબેન પરસોતમભાઈ (પુત્રી), (૫) લલીતાબેન પરસોતમભાઈ (પુત્રી), (૬) મધુબેન પરસોતમભાઈ (પુત્રી), (૭) ઈન્દુબેન પરસોતમભાઈ (પુત્રી) નામ ચાલતા હતા. દાવામાં ઈન્દુબેનની માંગણી મુજબ તેમણે ૧/૫ ભાગની માંગણી યોગ્ય નથી. વિજયાબેન (માતૃશ્રી) અને પ્રતિ.નં.૧ સાથે રહેતા હતા તેઓ તા.૧૮.૧૦.૨૦૧૫ ના રોજ લાંબી બીમારી બાદ અવસાન પામેલ હતા તેમની સાર, સંભાળ, દવા, અંતીમક્રીયા ખર્ચ વિગેરે અમો પ્રતિ.નં.૧ નાએ કરેલ છે. પિતાશ્રી પણ અમારી સાથે રહેતા હોય જેથી માતા–પિતાનો હિસ્સો અમો બન્ને ભાઈઓને મળવાપાત્ર બને છે. પ્રતિવાદીનં.રને અજીવીકા માટે ખેતીની ખાસ જરુર છે જેથી માતૃશ્રીનો ભાગ પ્રતિ.નં.રને મળેતો આ વિવાદનો અંત આવે તેમ છે. સ્વ. શાંતાબેન જેઓ પોતાની હયાતી દરમ્યાન તેમણે ખેતીમાની જમીનનો હકક હિસ્સો જતો કરવા સોગંદનામુ કરી આપેલ હતુ તે સમયે સંજોગો–પરીસ્થીતી–સમજણ ભાઈ–બહેનના આંતરીક પ્રેમ લાગણી તથા સંયુકત કુટુંબના સદસ્યો સાથેની વાતચીત મુજબ ચારેય બહેનો દરેક પોતપોતાનો ભાગ બન્ને ભાઈઓની ફેવરમાં જતો કરવાના હતા તેથી સ્વ. શાંતાબેને પોતાના સોગંદનામામાં "પોતાનાં બન્ને ભાઈઓની ફેવરમાં ભાગ જતો કરેલ છે." તેવા શબ્દો ઉલ્લેખવાની જરુર હતી નહી કારણ કે વાદી ઈન્દુબેનએ સાદા કાગળ ઉપર પોતાના હકક– હિસ્સો જતો કરવા લખાણ કરી આપેલ હતા. પરંતુ તેઓ તથા તેમના વારસદારો ખેતીની જમીન ખરીદી શકે અને ખાતેદાર બની શકે તેવા હેતુથી હકકપત્રકેથી તેમનું નામ કમી કરાવેલ નથી. સ્વ.શાંતાબેનના સારા–મોળા પ્રસંગો, મામેરા વિગેરે વ્યવહારીક ખર્ચ બન્ને ભાઈઓએ કરેલ છે જેથી સ્વ.શાંતાબેનનો હિસ્સો બન્ને ભાઈઓને મળવો જોઈએ. ઈન્દુબેનને ૧/૫ હિસ્સો મળવાપાત્ર થતો નથી તેમને મળવાપાત્ર હકક હિસ્સાનો અમો વિરોધ કરતા નથી વધુમાં ભંડારીયા ખાતે જુના જર્જરીત મકાન પડી ગયા બાદ પ્રતિ.નં.રનાએ નવુ મકાન બનાવેલ છે જેથી અન્ય કોઈનો હકક હિસ્સો રહેતો નથી. ઈન્દુબેનનાઓએ જે ચર્તુદિશા બનાવીને ખેતીની જમીનમાં પોતાની ઈચ્છા મુજબનો ભાગ મેળવી લેવા અને પોતાનો સ્વાર્થ સિઘ્ધ કરવાના બદ ઈરાદે જે કુવો આવેલ છે તે જમીનની ચર્તુદિશા પોતાની જાતે નકકી કરી પિતાશ્રી જીવીત હતા ત્યારે ઘરમેળે ભાગ પાડવામાં આવેલ હતા' તેવા જુઠ્ઠા આપઘડીત શબ્દો વાપરી પોતાના ઈચ્છીત ભાગ મેળવવા જે દાવો કરેલ છે તેની સાથે અમો પ્રતિ.નં.૧ સમંત થતા નથી. પ્રતિ.નં.ર વણવહેંચાયેલી મિલ્કતનો હિસ્સો હડપ કરી જવા માંગે છે અને પ્રતિ.નં.૧ તથા બીજા પ્રતિવાદીઓ સહકાર આપે છે તે હકીકત ખરી નથી ઈન્દુબેને જે જમીન વેંચી નાખવાની હકીકત જણાવેલ છે અને અમો પ્રતિવાદીને મળેલ તે તમામ હકીકત ખોટી છે તે સમયે અમો પ્રતિ.નં.૧ વિદેશ હતા. વાદીની દાવા હકીકત ખોટી છે ઉપજાવી કાઢેલ છે માંગે દાદ મળવાપાત્ર નથી. વાદી ઈન્દુબેનની નોટીસ તા.૧૫.૦૫.૨૦૧૭ નો સ્પષ્ટ જવાબ પણ આપેલ છે. તકરારી જમીનના હિસ્સાની યોગ્ય સ્વરુપે વહેચણી દરેકને સોંપવામાં આવે તે જરુરી છે.

**(૪)** પ્રતિવાદી નં.ર તરફે લેખિત જવાબ **આંક–૧૨** થી રજુ રાખેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીના દાવાની હકીકતો ખરી નથી. વાદીએ ખરી મહત્વની હકીકતો છુપાવી અને તદન પાઠાફેર અને સત્યથી વેગળી હકીકતો રજુ કરી સદર દાવો કરેલ હોય તેમજ દાવો કરવનું કોઈ કારણ કયારેય ઉત્પન્ન થયેલ ન હોય વાદીનો દાવો રદ

થવાને પાત્ર છે. વાદીના લગ્નબાદ ધાંગધ્રા સાસરે રહેતા હોય તેમજ ત્યારથી તેઓ દવારા વાદગ્રસ્ત ખેતીની જમીનમાંથી સ્વેચ્છાએ તેઓનો વારસાઈ સંયુકત હકક–હિસ્સો પ્રતિ.નં.૧,૨ ની તરફેણમાં જતો કરેલ હોય તેમજ વાદગ્રસ્ત તકરાર સંબંધે કયારેય અગાઉ તકરાર લેવાયેલ ન હોય, વાદીને વાદગ્રસ્ત મિલ્કતમાં કાયદેસર કોઈ હકક–હિત સંબંધ રહેલ ન હોય તેમ છતા હાલનો દાવો કરેલ છે જે રદ કરાવી. વાદીના ભાગે ૧/૫ નો ભાગ આવેલ નથી ભંડારીયા મુકામે આવેલ મકાન અમો પ્રતિ.નં.૨ના નામે કાયદેસરની કાર્યવાહી અપનાવ્યા વગર અમારા નામે કરી લીધાની હકીકત ખરી નથી. વાદીએ પોતાનો ૧/૫ હિસ્સો વાદગ્રસ્ત ખેતીની જમીનની જે ચર્તુદિશામાં આથમણા ભાગે ઉત્તર તથા પશ્વીમના ખુણામાં કુવા પાસે આવેલ હોવાની હકીકત ખરી નથી. સદરહું વહેંચણી અમોના પિતાશ્રીની હયાતીમાં થયેલ હોવાની હકીકત ખરી નથી. વાદીને તેમના ભાગની જમીન ઉપજ–નીપજમાંથી ૪૦% રકમ આપવાની શરતે વાવતા હોવાની હકીકત ખરી નથી. વાદીએ અમારા પિતાશ્રી પરસોતમભાઈ ખોડાભાઈની હયાતી દરમ્યાન કે તેઓના અવસાન બાદ થી સદર દાવા અગાઉ વાદી દવારા વાદગ્રસ્ત ખેતીની જમીનમાંથી કે મકાનમાંથી કયારેય કોઈ તેઓના હકક હિસ્સાની માંગણી કયારેય કરેલ નથી. વાદગ્રસ્ત જમીનનાં હિસ્સા અમોના પિતાશ્રીએ તેમની હયાતી દરમ્યાન કોઈ હિસ્સાનું વહેચણ કયારેય નથી સ્વ.વિજયાબેન અને સ્વ. શાંતુબેનના વારસોને જોડેલ નથી. ભંડારીયા ખાતે વડીલોપાર્જીત જુના મકાન હાલ પડી ગયે હાલતમાં હોય તેમજ જુના મકાનની બાજુમાં અમો પ્રતિ.નં.૨ નાએ બાજુના ગામતળમાં આશરે ૨૪×૩૨ ફુટની જમીન વર્ષ–૨૦૦૮માં વેચાણ રાખી તેમાં અન્ય રહેણાંકના મકાન બનાવેલ હોય જે પ્રતિ.નં.૨ના નામે કાયદેસર ગ્રામ પંચાયતમાં નામ નોંધાયેલ હોય જે ખરી હકીકત વાદીએ દાવાના કામે છુપાવેલ છે વાદી તથા અન્ય બહેનોએ લગ્નબાદ ૩૦ વર્ષ ઉપરાંતના સમયગાળાથી વાદગ્રસ્ત ખેતીની જમીન તથા મકાનો વિ. મિલ્કતમાંથી તેઓના વારસાઈ હકક–હિસ્સો અમો બન્ને ભાઈઓની તરફેણમાં જતો કરેલ છે. અમો પ્રતિ.નં.૨ના અન્યે બહેનો વિ.ના વારસદારોને ભવીષ્યમાં અન્ય જગ્યાએ ખેતીની જમીન વેચાણ રાખવા અને ખાતેદાર તરીકે ચાલુ રહેવા માત્રના હેતુસર તેઓના નામ રેવન્યુ રેકર્ડમાં તેઓના કહેવા મુજબ જે તે સમય થી ચાલુ રાખવામાં આવેલ હોય અને તે હેતુસર તેઓના નામ વાદગ્રસ્ત ખેતીની જમીનના રેવન્યુ રેકર્ડમાંથી કમી કરાવેલ નથી જે હકીકત વાદી સારી રીતે જાણતા હોવા છતા તેમજ અન્ય કોઈ પણ બહેન દવારા વાદગ્રસ્ત મિલ્કતમાંથી તેઓએ કયારેય તેઓના હકક–હીસ્સાની માંગણી કરેલ ન હોય જેથી તે હકીકત વાદગ્રસ્ત ખેતીની જમીનની કયારેય કોઈ વહેચણીનો પ્રશ્ન ઉપસ્થીત થયેલ ન હોય જેથી વાદીનો દાવો રદ કરવો. વાદી વાદગ્રસ્ત ખેતીની જમીનમાં ૦–૯૧–૮૬ હે.ચો.મી. જમીન આવેલ છે તે હકીકત ખરી નથી. વાદી લગ્ન બાદથી કયારેય વાદગ્રસ્ત ખેતીની જમીનમાં ખેતી કરવા કે અન્ય હેતુ સબબ આવેલ નથી. સદરહું ખેતીની જમીન સંબંધે કયારેય કોઈ વાતચીત કે તકરાર થયેલ નથી. સદરહું ખેતીની જમીન કયારેય કોઈને વેચાણ આપવા કે ટ્રાન્સફર કરવા કયારેય કોઈ વિચાર કરેલ નથી. સદરહું વાદગ્રસ્ત જમીન શરુઆતથી જ અમો પ્રતિવાદી નં.૨ ખેતી કરતા હોય જેની દેખભાળ કરતા હોય જેથી વાદીના જણાવ્યા મુજબનું કોઈ જ દાવાનું કારણ ઉત્પન્ન થયેલ ન હોય વાદીનો દાવો રદ કરવો. વાદીએ દાવામાં બજારકિંમત દર્શાવેલ નથી. ઘણા વર્ષો બાદ દાવો કરેલ છે વાદીનો દાવો રદ કરવા તથા પ્રતિવાદી નં.૨ને ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

**(૫)** વાદી તરફે **આંક–૪** થી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદીની સંયુકત ખાતાની ખેતીની જમીન સ.નં.૩/૧ના નં.૭ ની નકલ | **૩૧** |
| ૨ | વાદીની સંયુકત ખાતાની ખેતીની જમીન સ.નં.૩/૧ના નં.૧૨ ની નકલ | **૩૨** |
| ૩ | વાદીની સંયુકત ખાતાની ખેતીની જમીન સ.નં.૩/૧ના નં.૮–અ ની નકલ | **૩૩** |
| ૪ | વાદીની સંયુકત ખાતાની ખેતીની જમીન સ.નં.૩/૧ના નં.૬ ની નકલ | **૩૪** |
| ૫ | વાદીએ પ્રતિવાદીને આપેલ નોટીસની નકલ | **૩૫** |
| ૬ | વાદીએ પ્રતિવાદીને આપેલ નોટીસના એકનોલેજમેન્ટ સ્લીપની નકલ | **૩૬** |
| ૭ | વાદીના ગુજરનાર પિતાશ્રીના નામના વડીલોપાર્જીત મકાન આવેલ છે તેની નકલ | **૩૭** |

**(૬)** પ્રતિવાદીઓ તરફે **આંક–૪૪** થી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

| **ક્રમ** | **પુરાવો આપનારનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદીએ કરી આપેલ લખાણની ખરી નકલ | **૪૫** |
| ૨ | તકરારી જમીનની મહેસુલ ભર્યાની પહોચ | **૪૬** |
| ૩ | પ્રતિ.નં.૨ના ઘર વેરાની પહોંચ | **૪૭** |
| ૪ | પ્રતિ.નં.૨ના ઘર વેરાની પહોંચ | **૪૮** |
| ૫ | ખેતીવાડીનું વીજ બીલ | **૪૯** |
| ૬ | પ્રતિ.નં.૨ના ઘરનુ લાઈટબીલ | **૫૦** |
| ૭ | પ્રતિ.નં.૨ના ઘરનુ લાઈટબીલ | **૫૧** |

**(૭)** વાદીઓ તરફે સદરહું દાવાના કામે સોગંદનામા સ્વરુપે આપેલ લેખિત પુરાવાઓ નીચે મુજબ છે.

| **ક્રમ** | **પુરાવો આપનારનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદી ઈન્દુબેન પરસોતમભાઈની સોગંદનામા સ્વરૂપની લેખિત સરતપાસ | **૨૯** |

**(૮)** પ્રતિવાદીઓ તરફે સદરહું દાવાના કામે સોગંદનામા સ્વરુપે આપેલ લેખિત પુરાવાઓ નીચે મુજબ છે.

| **ક્રમ** | **પુરાવો આપનારનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | પ્રતિ.નં.૧ મનગભાઈ પરસોતમભાઈ દવારા રજુ કરાયેલ પુરાવા અંગેની પુરસીસ | **૫૬** |
| ૨ | પ્રતિ.નં.૨ કનુભાઈ પરસોતમભાઈની સોગંદનામા સ્વરૂપની લેખિત સરતપાસ | **૪૨** |

**(૯)** સદરહું દાવાના કામે **આંક–૨૪** થી નીચે મુજબના મુદા કાઢવામાં આવેલ છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓની વડીલોપાર્જીત જમીન તથા મકન મોજે ભંડારીયા મુકામે આવેલ છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, તેઓના ગુજરનાર પિતાશ્રીના કુલ પાંચ વારસો છે?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, તેઓના ગુજરનાર પિતાશ્રીની જમીન તથા મકાનોમાં તેઓના ઘરમેળે સમજુતીના ભાગરૂપે ૧/૫ ભાગ વારસાઈરૂએ આવેલ છે.?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં.૨ નાઓ કોઈ બહારના ઈસમોને જમીન વેચાણ આપવા કે ટ્રાન્સફર કરવા પ્રયત્ન કરી રહેલ છે?

(૫) શું પ્રતિવાદી નં.૨ નાઓ પુરવાર કરે છે કે, વાદી દવારા તથા તેમના અન્ય બહેનો દવારા સ્વેચ્છાએ વાદગ્રસ્ત ખેતીની જમીન તથા મકાનમાંથી તેઓનો હકક–હિસ્સો જતો કરેલ છે?

(૬) શું પ્રતિવાદી નં.૨ નાઓ પુરવાર કરે છે કે, વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે?

(૭) શું પ્રતિવાદી નં.૧નાઓ પુરવાર કરે છે કે, વાદીએ ખેતીની સંયુકત જમીનમાંથી પોતાનો હકક જતો કરવા બે વાર લખાણ કરી આપેલુ?

(૮) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૯) શું પ્રતિવાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૧૦) શું હુકમ તથા હુકમનામુ?

**(૧૦)** ઉપરોકત **આંક–૨૪** વાળા મુદાના જવાબ નીચે મુજબ છે..

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) અંશતઃ હકારમાં

(૪) નકારમાં

(૫) માત્ર શાંતુબેન પુરતો અંશતઃ હકારમાં

(૬) નકારમાં

(૭) નકારમાં

(૮) અંશતઃ હકારમાં

(૯) નકાર માં

(૧૦) આખરી હુકમ મુજબ

**(૧૧) <u>મુદ્દા નં.૧ ની ચર્ચાઃ–</u>**

સદરહું મુદ્દા અંગે વાદી પોતાની **આંક–૩૪** થી ગામનમુનો નં.૬ હકકપત્રક રજુ રાખે છે જેમાં એન્ટ્રી નં .૪૭૮, તા.૨૮.૦૭.૧૯૯૪ ના રોજ હકકનો પ્રકારના ખાનામાં લખેલ છે કે, *"ભંડારીયા ગામના ખાતા નં .૬૮ના સ્વ. ખાતેદાર ૫ર સોતમ ખોડા વાણંદ તા.૨૩.૦૭.૧૯૯૪ના રોજ ગુજરી જતા તેના ખાતામાં નીચે મુજબના સીધી લીટીના વારસદારોના નામો દાખલ કરવા હકક નોંધ કરી. (૧) વિ.બાઈ વિજયાબેન (૨) મનગભાઈ (૩) કનુભાઈ (૪) શાંતુબેન (૫) લલીતાબેન (૬) મધુબેન (૭) ઈન્દુબેન કુલ–૭ (સાત) એ.૧૧–૧૪ ગુંઠા."* સર્વે નં.૩/૧ સદરહું હકીકત વાદી **આંક–૩૧** થી રજુ ગામ નમુનો નં.૭, **આંક–૩૨** ગામ નમુનો નં.૧૨ **આંક–૩૩** ગામ નમુનો નં.૮–અ મુજબ ઉપરોકત સર્વે નં.૩/૧, ખાતા નં.૬૮, મોજે ગામ ભંડારીયા, અને ઉપરોકત તમામ વારસદારોના નામ કબજેદાર તરીકે જણાય છે. સદરહું વાદીની ઉલટતપાસમાં પણ એવી હકીકત જણાય છે કે વાદી તથા પ્રતિવાદી નં.૧, ૨ સગ ભાઈ બહેન થાય છે તેમના પિતા પરસોતમભાઈ છે પ્રતિ.નં.૨ ની ઉલટતપાસમાં પ્રતિવાદી નં.૨ કબુલ રાખેલ છે કે, વાદી ઈન્દુબેન મારા સગા બેન થાય છે. એ વાત ખરી છે કે, મારા બાપુજી પરસોતમભાઈ ખોડાભાઈના અવસાન બાદ વાદગ્રસ્ત જમીનની વારસાઈ નોંધ કરવામાં આવેલ એ વાત ખરી છે કે વાદી ઈન્દુબેનનું નામ વાદગ્રસ્ત જમીનમાં વારસાઈથી નામ ચાલુ છે. પ્રતિવાદી નં.૧ નાઓએ સદરહું દાવના કામે કોઈ પુરાવો આપેલ નથી માત્ર **આંક–૫૬** થી પુરસીસ આપેલ છે જે મુજબ પ્રતિવાદી નં .૧ને વાદીને તેનો હિસ્સો મળેનો કોઈ જ વાંધો નથી. વધુમાં પ્રતિવાદી નં.૧ના લેખિત જવાબ ***પેરા–૨*** તથા પ્રતિવાદી નં.૨ના લેખિત જવાબ **આંક–૧૨, *પેરા–૯*** પાના નં.૫ ઉપર વાદીનું નામ તકરારી જમીનમાં વારસાઈ થી ચાલુ છે જે હકીકત સ્વીકારીને ચાલેલ છે.

આમ, વાદી તથા પ્રતિવાદીઓની મોજે ગામ ભંડારીયા ખાતે રે.સ.નં.૩/૧ ની ૪–૫૯–૩૨ હે.આરે.ચો.મી ખેતીની જમીન આવેલ છે જે તેમના સ્વ. પિતા પરસોતમભાઈ ખોડાભાઈના નામની હતી જેમના અવસાન બાદ તેમના સીધી લીટીના વારસદારો વાદી તથા પ્રતિવાદીઓના નામે હાલની સદરહું તકરારી ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં તેઓના નામે ચાલે છે.

વાદી પોતાના સરતપાસના લેખિત સોગંદનામા પાના નં.૫ ઉપર જે ૩ મકાનો વડીલોપાર્જીત જણાવેલ છે જે અંગે **આંક–૩૭** થી રજુ રાખેલ ક્રમ નં.૧૬૭ ક નુ પરસોતમ વાણંદના નામે ઘર આવેલ છે જે મોજે ગામ ભં ડારીયાના ગ્રામપંચાયતનો વેરા વિગેરે દર્શાવતુ પત્રક રજુ છે જેમાં માત્ર ૧ જ ઘર દર્શાવેલ છે. સદરહું વાદી ઉલટતપાસમાં જણાવેલ છે કે, *"એ વાત ખરી નથી કે ભંડારીયા ગામના જુના ત્રણ મકાન પડી ગયેલા હતા તે હયાત*

*નથી." એ વાત ખરી છે કે, "મે દાવા અરજીમાં મારા પિતાના ૩ મકાનનો ઉલ્લેખ કરેલ છે તે ૩ મકાનનું ક્ષેત્રફળ તથા ઘર નંબર જણાવેલ નથી. આ મકાનો ભંડારીયા ગ્રામ પંચાયતમાં કોના નામે ચાલે છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે મારા ભાઈ કનુભાઈએ ભંડારીયા ગામમાં પ્લોટની જમીન વેચાણથી રાખીતેમા તેમના ખર્ચે મકાન બનાવેલ છે."*

સદરહું હકીકત પ્રતિ.નં.ર પોતાની **આંક–૪ર**ની સોગંદનમામ સ્વરુપની સરતપાસના ***પેરા–૩*** માં જણાવેલ છે કે, *"મોજે ભંડારીયા મુકામે જુના ગામતળમાં અમોના સ્વ. પિતાની મુળ માલીકીના અગાઉ જે કાચા ગાર માટીના જુના રહેણાંકના મકાન આવેલ હતા તે ત્યારબાદ પડી જવાથી તે મકાનની જમીનમાં અમો પ્રતિ.નં.રના પુત્રો શ્રી અજયભાઈ તથા વિજયભાઈ વિ.નાઓ દવારા તેઓના સ્વખર્ચે ઘણા સમય પહેલા નવા રહેણાંકના મકાન બનાવવામાં આવેલ હોય અને તે મકાનમાં તેઓ તેમના કુટુંબ પરીવાર સાથે હાલ સુધી રહેતા આવેલ છે."* સદરહું પ્રતિવાદી નં.રની ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, *"એ વાત ખરી નથી કે ભંડારીયા મુકામે ગામમાં આવેલ ત્રણ મકાન પૈકી એક નાનુ મકાન આવેલ છે તે ઈન્દુબેનને આપવાની વાત થયેલ હતી. એ વાત ખરી છે કે મે મારા દિકરાઓ દવારા જે નવા મકાન તૈયાર કરેલ છે તેવુ મારા સોગંદનામામાં લખેલ છે તે અંગેનો કોઈ આધાર પુરાવો મે રજુ રાખેલ નથી. હાલના મારા પુત્ર વિજયભાઈ અને અજયભાઈના નામના મકાનના ગામ નમુના નં.ર આ કામે રજુ કરેલ નથી. મે મારા સોગંદનમામાં જણાવ્યા મુજબ મારા દિકરાઓએ અમારા જુના મકાન પડી ગયા બાદ નવા મકાન બનાવ્યા તે મકાન બનાવવા માટે મે મારા ભાઈ–બહેનોની કોઈ લેખિત સંમતી મેળવેલ નહી.* ***આંક–પ૦, આંક–પ૧*** *વાળા લાઈટબીલ ઘરના હોય જે પહેલા થી જ મારા નામે ચાલે છે."*

આમ, ઉપરોકત હકીકત મુજબ વાદી તથા પ્રતિવાદીઓના વડીલોપાર્જીત તેમના પિતા સ્વ.પરસોતમભાઈના ભંડારીયા ખાતે ૩ મકાન આવેલ છે જે મકાન પ્રતિ.નં.ર કે તેના પુત્રના સ્વપાર્જીત મકાનો હોય તેઓ કોઈ જ પુરાવો રેકર્ડ પર તેઓ લાવેલ નથી જયારે સદરહું મકાનો સ્વ. પરસોતમભાઈના મકાનો છે જે રજુ હકીકત પુરાવાના આધારે સ્પષ્ટ થાય છે જેથી **મુદા નં.૧નો જવાબ હું હકારમાં આપુ છું.**

**(૧ર) મુદા નં. ર ની ચર્ચાઃ–**

સદરહું મુદાની હકીકત વાદી પોતાની સોગંદનામા સ્વરુપે રજુ રાખેલ સરતપાસ **આંક–ર૯** ના ***પેરા–ર*** માં જણાવેલ છે જે મુજબ **આંક–૩૪** થી રજુ વારસાઈ નોંધ એન્ટ્રી નં.૪૭૮માં કુલ–૭ નામ છે જેમાં (૧) વિ.બાઈ વિજયાબેન, (ર) મગનભાઈ, (૩) કનુભાઈ, (૪) શાંતુબેન, (પ) લલીતાબેન, (૬) મધુબેન, (૭) ઈન્દુબેન સદરહું હકીકત **આંક–૩૪** સાથે રજુ ગામ નમુનો નં.૬ હકકપત્રક ફેરફાર નોંધ ૮૧૦ તા.૧૭.૦૮.ર૦૦૯ મુજબ શાંતુબેન પરસોતમભાઈનાઓએ સદરહું તકરારી જમીનમાંથી તેમનો હકક જતો કર્યાની નોંધ છે અન્ય રજુ ગામ નમુનો નં.૬

હકકપત્રક ફેરફાર નોંધ નં.૧૧૯૭, તા.૧૭.૦૫.૨૦૧૭ મુજબ મધુબેન પરસોતમભાઈ તા.૧૬.૦૬.૨૦૦૬ ના રોજ મરણ થવાથી તેમના વારસદારો હેમેન્દ્રભાઈ, જીજ્ઞેશભાઈ, તુષારભાઈના નામ દાખલ થયેલ છે જેઓ સદરહું દાવાના પ્રતિવાદી નં.૪.૧, ૪.૨, ૪.૩ છે સદરહું દાવાના કામે વાદી **આંક–૨૯** થી લેખિત સરતપાસના સોગંદનામામાં પાના નં.૩ માં જણાવેલછે કે તેમની માતા વિજયાબેન પણ ગુજરી ગયા છે સદરહું હકીકત પ્રતિવાદી નં.૨ તેના **આંક–૪૦** થી રજુ લેખિત સોગંદનામા સ્વરુપની સરતપાસના ***પેરા–૨*** માં સ્વીકારેલ છે તેમજ પ્રતિ.નં.૧ પણ સદરહું હકીકત **આંક–૫૬** થી ખોટી છે તેવુ જણાવતા નથી. આમ, સદરહું દાવાના કામે વાદી તથા પ્રતિવાદીઓના હાલ હયાત તેઓના ગુજરનાર પિતાશ્રીના સીધી લીટીના વારસદારોમાં (૧) મગનભાઈ પરસોતમભાઈ, (૨) કનુભાઈ પરસોતમભાઈ, (૩) લલીતાબેન પરસોતમભાઈ, (૪) ઈન્દુબેન પરસોતમભાઈ, (૫) સ્વ. મધુબેન પરસોતમભાઈના વારસદારો, (૧) હેમેન્દ્રભાઈ, (૨) જીજ્ઞેશભાઈ, (૩) તુષારભાઈનાઓ તકરારી ખેતીની જમીન મોજે ભંડારીયા ખાતા નં.૬૮, રે.સ.નં.૩/૧ના કુલ–૫ વારસદારો છે જેવુ રેકર્ડ પરના પુરાવા ઉપર થી સ્પષ્ટ રીતે પુરવાર થાય છે. જેથી **<u>મુદા નં.૨ નો જવાબ હું હકારમાં આપુ છું</u>**

**(૧૩) <u>મુદા નં. ૩ની ચર્ચાઃ–</u>**

સદરહું મુદા અંગે વાદી પોતાની **આંક–૨૯** થી રજુ સોગંદનામા સ્વરુપની સરતપાસમાં પાના નં.૪ માં અને પાના નં.૫ માં જણાવે છે કે તકરારી ખેતીની જમીન તથા મકાનમાં ઘરમેળે સમજુતીના ભાગે તેઓને ૧/૫ હિસ્સો આવેલ છે જેમાં ખેતીની જમીનમાં આથમણા ભાગે ઉત્તર તથા પશ્વીમના ખુણામાં જયા એક પાકો કુવો આવેલ છે તે ૧/૫ જગ્યા તેમના પિતાશ્રી જીવતા હતા ત્યારે ઘરમેળે ભાગ પાડવામાં આવેલ હતા તેવી હકીકત જણાવેલ છે સદરહું વાદી પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, *"એ વાત ખરી છે કે મારા સરતપાસણીના સોગંદનામામાં એવું જણાવેલ છે કે મારા પિતાએ તેમની હયાતીમાં જમીનની વહેચણી કરેલ હતી આ વહેચણી મૌખિક મારા ભાઈ–બહેનો વચ્ચે કરેલ હતી. મારા પિતાએ સને.૧૯૯૨ પછી આ જમીનની મૌખિક વહેચણી કરેલ છે. આ જમીનની વહેચણી ભાવનગર મુકામે સરદારનગરમાં મોટાભાઈના ઘરે મારા પિતાએ આ વહેચણી કરેલી હતી. મારા પિતાજી મોટાભાઈ મગનભાઈની સાથે ભાવનગર ખાતે રહેતા હોય જેથી આ વહેંચણી તેમના ઘરે કરેલી હતી.* ***<u>એ વાત ખરી છે કે આ વહેચણી ભંડારીયાની જમીનના સ્થળ ઉપર કરવામાં આવેલ નથી.</u>*** *મારા પિતાએ આ જમીનની વહેચણીમાં મે જે હિસ્સો માંગેલો છે તે મને હિસ્સો આપેલો અને બાકીનો સંયુકત ભાગ બીજા બધા ભાઈ–બહેનો વચ્ચે સંયુકત રાખેલ હતો. મે મારો પાંચમો હિસ્સો એટલ ે કે સાડા પાંચ વિઘા જમીનની માંગણી કરેલ. આ જમીનની વહેચણી કર્યાબાદ કોઈ માપણી કરવામાં આવેલ નહી. મને ખાલી પાંચમો ભાગ તારો તેવુ મારા પિતાએ કહેલુ."*

પ્રતિવાદી નં.૨ પોતાની સોગંદનામા સ્વરુપની સરતપાસ **આંક–૪૨** માં વાદી ની ૧/૫ હિસ્સાની તથા

તકરારી જમીનમાં આથમણા ભાગે ઉત્તર–પશ્ચીમ ખુણામાં કુવા વાળી જગ્યા આવેલ છે તે હકીકત કબુલ રાખતા નથી. તેમજ પિતાજીની હયાતીમાં આવી કોઈ વહેચણી કરવામાં આવેલ હતી તે હકીકત પણ કબુલ રાખતા નથી તેમજ ૩ મકાન પૈકી નાનુ મકાન ઈન્દુબેનને આપવાનુ હતુ તે હકીકત પણ કબુલ રાખેલ નથી. સદરહું હકીકત પ્રતિવાદી નં.૨ની ઉલટતપાસમાં પણ આ જ હકીકત સામે આવેલ છે.

પ્રતિવાદી નં.૧ જેઓએ **આંક–૧૪** થી લેખિત જવાબ આપેલ છે જેમાં પાના નં.૪૨(૫) માં સદરહું હકીકત વાદીના મોટાભાઈએ કબુલ રાખેલ નથી. સદરહું મિલ્કત વણવહેંચાયેલ છે તેવુ જણાવેલ છે તેમજ **આંક–૫૬** થી આપેલ પુરસીસ મુજબ અને **આંક–૧૪**ના લેખિત જવાબ મુજબ વાદીને મળવાપાત્ર હકક હીત સામે તેઓનો કોઈ વિરોધ નથી તેવુ જણાવેલ છે. વધુમાં વાદી દવારા **આંક–૩૫** થી આપવામાં આવેલ નોટીસમાં તેઓ પ્રતિવાદીઓને જણાવે છે કે, *"(૩) અમારા અસીલના પિતાશ્રીનુ અવસાન થતા અને ત્યારબાદ રેવન્યુ રેકર્ડમાં તે અંગેની વારસાઈ નોંધ કરવા માટેની કાર્યવાહી કરવામાં આવેલી અને તે અરજીના અનુસંધાને અમારા અસીલનું તથા તમો સર્વેના નામ વારસદાર દરજ્જે રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ છે. (૪) ત્યારબાદ આજદિન સુધી સ્વ.પરસોતમભાઈની વડીલોપાર્જીત મિલ્કત અંગેની કોઈ વ્યવસ્થા અંગેનું લખાણ થયેલ નથી કે વહેચણનો કરાર અમારા અસીલ તથા તમો સર્વે વચ્ચે થયેલ નથી અને આ હકીકત પણ તમો બધા સારી રીતે જાણો છો. (૫) જેથી અમારા અસીલનો તેમા વણવહેંચાયેલો ૧/૫ હિસ્સો સમાયેલ છે. (૬) અમારા અસીલ તેમના પિતાશ્રી મર્હુમ પરસોતમભાઈની વણવહેં ચાયેલી મિલ્કતમાં પોતાનો હિસ્સો અલગ કરવા માંગે છે અને સંયુકત મિલ્કતની વહેંચણી કરી આપવા તમો બધાને અનેક વખતે જાતે તથા સગા સંબંધી મારફતે એક થી વધુ વખત કહયુ, કહેરાવ્યુ તથા સદરહું સંયુકત મિલ્કતની વહેંચણી કરતા નથી અને ગલ્લા તલ્લા કરી સમય પસાર કરો છો. હવે અમારા અસીલ વડીલોપાર્જીત સંયુકત મિલ્કતની વહેંચણી કરવા માંગે છે અને તેમનો ૧/૫ હિસ્સો અલગ કરવા માંગે છે તેમજ મકાન તથા દુકાનો આવેલ છે તેમા પણ અમારો હિસ્સો ૧/૫ સમાયેલ છે."*

આમ, ઉપરોકત નોટીસ વાદીએ તેમના વિ.વશ્રી મારફતે તા.૧૫.૦૫.૨૦૧૭ ના રોજ પ્રતિવાદીઓને આર.પી.એ.ડી. થી પાઠવેલ છે જેની એકનોલેજમેન્ટ સદરહું દાવાના કામે **આંક–૩૬** થી રજુ રાખેલ છે જે તમામ પ્રતિવાદીઓને મળી ગયેલ છે ત્યારબાદ વાદીએ સદરહું દાવો તા.૨૧.૦૭.૨૦૧૭ના રોજ નામ.કોર્ટમાં દાખલ કરેલ છે. આમ વાદી **આંક–૩૫** વાળી નોટીસમાં ઘરમેળે સમજુતીથી તેમને જમીન/ મકાનમાં કોઈ હિસ્સો મળેલ હોય તેવું જણાવેલ નથી માત્ર દાવાના કામે સદરહું હકીકત જણાવે છે જેનો કોઈ અન્ય પુરાવો રજુ રાખેલ નથી માત્ર વાદીનો સદરહું વડીલોપાર્જીત મિલ્કતમાં ૧/૫ ભાગ આવેલ છે જે હકીકત સરખી આવતી હોય જેથી ૧/૫ હિસ્સો ન્યાયીક સમર્થન મળતુ હોય અન્ય ઘરમેળે સમજુતીના ભાગ રૂપે ૧/૫ આવેલ હોય તેવું પુરવાર થતુ નથી જેથી **<u>મુદા નં.૩ નો જવાબ અંશતઃ હકારમાં આપુ છું.</u>**

**(૧૪) <u>મુદા નં. ૪ની ચર્ચા:–</u>**

સદરહું મુદા અંગે વાદી પોતાના દાવા **આંક–૧ પેરા–૫** તથા લેખિત સોગંદનામા સ્વરુપની સરતપાસ **આંક–૨૯** ના **પેરા–૫** પાના નં.૬ ઉપર જણાવેલ છે, *"આ કામના પ્રતિવાદી નં.૨નાએ કોઈ બહારના ઈસમોને જમીન વેચાણ આપવા અંગે બોલાવેલા અવી જાણ અમોને થતા મિલ્કત અનઅધિકૃત રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવા પ્રયત્ન કરી રહેલ છે અને અટકાવવા ખુબ જ જરુરી અને ન્યાયી હોય".* સદરહું વાદી પોતાની ઉલટતપાસમાં એવું જણાવેલ છે કે, *"એ વાત ખરી છે કે, આ કામના પ્રતિવાદી દાવા વાળી જમીન બીજા કોઈને ટ્રાન્સફર કરે છે તેવો કોઈ પુરાવો સદર કામે રજુ કરેલ નથી."* સદરહું હકીકતની વિરોધમાં પ્રતિવાદી નં .૨નાઓએ પોતાના લેખિત જવાબ **આંક–૧૨, પેરા–૧૧** માં તથા પોતાના લેખિત સોગંદનામા સ્વરુપની સરતપાસ **આંક–૪૨**ના **પેરા–૬** માં જણાવ્યા મુજબ *"વાદગ્રસ્ત ખેતીની જમીન અમોએ અન્ય કોઈને વેચાણથી આપવા કે ટ્રાન્સફર કરવાનો કોઈ પ્રયત્ન કરેલ નથી."* સદરહું પ્રતિવાદી નં.૨ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, *"એ વાત ખરી નથી કે હાલનો વાદીએ જે દાવો દાખલ કરેલ છે તે બીજા કોઈ ત્રાહિત વ્યકિતને વેચાણ ન કરે તે અંગેનો કરેલ છે."* અન્ય કોઈ પ્રતિવાદીઓના કોઈ જ પુરાવા સદરહું દાવાના કામે રજુ રાખેલ ન હોય. આમ, ઉપરોકત હકીકત જોતા વાદી પોતે પોતાની ઉલટતપાસમાં કબુલ રાખે છે કે પ્રતિ.નં.૨નાઓ વાદવાળી જમીન અન્ય કોઈને ટ્રાન્સફર કે વેચાણ કરવાનો પ્રયત્ન કરતા હોય તેવા કોઈ જ પુરાવા રજુ રાખેલ નથી તેવા સંજોગોમાં વાદી સદરહું મુદા પુરવાર કરતા ન હોય **<u>સદરહું મુદા નં.૪નો જવાબ નકારમાં આપુ છું.</u>**

**(૧૫) <u>મુદા નં. ૫ની ચર્ચા:–</u>**

સદરહું મુદા અંગે પ્રતિવાદી નં.૨નાઓ પોતાના લેખિત જવાબ **આંક–૧૨** ના ***પેરા–૪,૯,૧૦,૧૪*** માં તથા પોતાની સોગંદનામા સ્વરુપની લેખિત સરતપાસ **આંક–૪૨, પેરા–૫** માં જણાવ્યા મુજબ *"આ કામના વાદીના લગ્ન આશરે ૩૦ વર્ષ ઉપરાંત થી થયેલ હોય તેમજ તેઓએ સદર દાવામાં સંકળાયેલ વાદગ્રસ્ત ખેતીની જમીન તથા મકામ વિ. મિલ્કતમાંથી તેઓએ અગાઉ તેઓના તમામ વારસાઈ હકક–હિસ્સો અમો પ્રતિવાદીનં.૨ તથા અમોના ભાઈ પ્રતિ.નં.૧ વિ.ની તરફેણમાં સ્વેચ્છાએ જતો કરી આપેલ છે યાને ઉઠાવી લીધેલ છે."* સદરહું હકીકત અંગે પ્રતિવાદી નં.૨ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, *"વાદી ઈન્દુબેન મારા સગા બેન થાય છે. એ વાત ખરી છે કે મારા બાપુજી પરસોતમભાઈ ખોડાભાઈના અવસાન બાદ વાદગ્રસ્ત જમીનની વારસાઈ નોંધ કરવામાં આવેલ એ વાત ખરી છે કે વાદી ઈન્દુબેનનું નામ વાદગ્રસ્ત જમીનમાં વારસાઈ થી નામ ચાલુ છે. એ વાત ખરી છે કે રેવન્યુ રેકર્ડ, કચેરીમાં આ વાદી ઈન્દુબેને પોતાનો સદરહું વાદગ્રસ્ત જમીનમાંથી હકક હિસ્સો જતો કરેલ હોય તેવુ કોઈ સોગંદનામુ કે લખાણ કરેલ નથી." "એ વાત ખરી છે કે **આંક–૩૪** થી રજુ વારસાઈ નોંધ અને ગામ નમુનો હકક પત્રક નં.૬ **આંક–૩૪/એ** માં એન્ટ્રી નં.૮૧૦ થી તા.૧૭.૦૮.૨૦૦૯ મુજબ શાંતુબેન પરસોત્તમભાઈનાઓએ પોતાનો હકક તેમની હયાતીમાં સદરહું તકરારી જમીનમાંથી ઉઠાવી લીધો છે." "એ વાત ખરી છે કે **આંક–૪૫** વાળા રજુ થયેલ લખાણમાં અમારા સંયુકત ખાતા નંબર તથા એકર ગુંઠા લખેલ નથી. એ વાત*

*ખરી છે કે **આંક–૪૫** વાળા લખાણમાં કોઈ તારીખ મહિનો કે વર્ષ લખેલ નથી."* જયારે વાદી સદરહું હકીકત અંગે પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, *"એ વાત ખરી નથી કે, મારુ અને મારા બહેનોનું રેવન્યુ રેકર્ડમાં નામ ચાલુ રહે તે માટે રેવન્યુ રેકર્ડમાં નામ ચાલુ છે બાકી તમે તમારો હીસ્સો જતો કરેલ છે."*

આમ, સદરહું ઉપરોકત તમામ હકીકત તથા રજુ દસ્તાવેજી પુરાવાઓ **આંક–૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૪/એ** મુજબ માત્ર શાંતુબેનનાઓએ જ પોતાના હકક હિસ્સો સદરહું તકરારી ખેતીની જમીનમાંથી સ્વેચ્છાએ જતો કરેલ છે અન્ય લલીતાબેન, મધુબેન અને વાદી ઈન્દુબેનનાઓએ સદરહું વાદગ્રસ્ત ખેતીની જમીનમાંથી પોતાનો હકક હિસ્સો સ્વેચ્છાએ જતો કરેલ હોય તેવું પ્રતિવાદી નં.ર રેકર્ડ પર દાવાના કામે પુરવાર કરેલ ન હોય જેથી **મુદા નં.૫ નો જવાબ માત્ર શાંતુબેન પુરતો અંશતઃ હકારમાં આપુ છું**

**(૧૬) મુદા નં.૬ની ચર્ચાઃ–**

સદરહું મુદા અંગે પ્રતિવાદી નં.ર પોતાના લેખિત જવાબ **આંક–૧ર** માં ***પેરા–૫***માં જણાવેલ છે કે, *"વાદીનો દાવો સમય મર્યાદા બહારનો હોય, છેલ્લા ૩૦ વર્ષ ઉપરાંતના વિલંબ બાદનો હાલનો દાવો કરેલ હોય જેથી વાદીના સદર દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય."* સદરહું હકીકત અંગે પ્રતિવાદી નં.ર નાએ પોતાની લેખિત સરતપાસ **આંક–૪ર** માં કોઈ જ હકીકત જણાવેલ નથી પરંતુ વાદીની ઉલટતપાસમાં પ્રતિવાદી નં.ર તરફે પુછેલ સવાલઃ– *"તમારા પિતાના અવસાન બાદ અને હાલનો દાવો કર્યો તે પહેલા તમારા ભાઈઓ પાસે કયારેય તમારો હકક માંગેલો છે?"* જવાબઃ–*"હા, સને.ર૦૧૭ની સાલમાં મારા ભાઈઓ પાસે મૌખિક માંગણી કરેલ હતી."* વધુમાં વાદી તરફે તમામ દાવાના પ્રતિવાદીઓને **આંક–૩૫** વાળી રજી. પોસ્ટ દવારા લેખિત નોટીસ તા.૧૫.૦૫.ર૦૧૭ના રોજ વ.શ્રી મારફતે આપીને પોતાનો હિસ્સો સદરહું તકરારી જમીનમાંથી માંગણી કરેલ છે અને ત્યારબાદ સદરહું દાવો વાદીએ તા.ર૧.૦૭.ર૦૧૭ના રોજ દાખલ કરેલ છે. સદરહું હકીકત ને લીમીટેશન એકટ–૧૯૬૩ના આર્ટીકલ ૧૧૦ ને ઘ્યાનમા રાખતા વાદીએ ૧ર વર્ષની અંદર દાવો કરવો પડે જયારે વાદીને પોતાનો અધિકાર આપવાની ના પાડવામાં આવે ત્યારથી સદરહું દાવામાં વાદીએ કરેલ માંગણી ર૦૧૭માં તેની અવગણના પ્રતિ.નં.ર દવારા કરવામાં આવ્યા બાદ વાદીએ ર૦૧૭માં ઉપર ચર્ચા કર્યા મુજબ હાલનો દાવો દાખલ કરેલ હોય જેથી વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય તેવું પ્રતિવાદી નં.ર પુરવાર કરતા ન હોય સદરહું **મુદા નં.૬નો જવાબ નકારમાં આપુ છું.**

**(૧૭) મુદા નં.૭ની ચર્ચાઃ–**

સદરહું મુદા અંગે આ કામના પ્રતિ.નં.૧નાઓએ પોતાના લેખિત જવાબ **આંક–૧૭** માં જણાવેલ છે કે, વાદી ઈન્દુબેને સાદા કાગળ ઉપર પોતાનો હકક હિસ્સો જતો કરવા બે વાર લખાણ કરી આપેલ હતુ તેવુ જણાવેલ છે. સાથે સાથે વાદી તથા પ્રતિવાદીઓને યોગ્ય સ્વરૂપે વહેચણી કરી આપવા પણ જણાવેલ છે. સદરહું

પ્રતિ.નં.૧નાઓએ સદરહું દાવાના કામે પોતાના વકીલશ્રી મારફતે હાજર રહીને કોઈ પણ પુરાવો લેખિત કે મૌખિક રજુ રાખેલ નથી માત્ર **આંક–૫૬** થી પુરસીસ થી જણાવેલ છે કે સદરહું તકરારી મિલ્કતમાં અમારા હકક હિતને નુકશાન પહોંચે નહી તે રીતે વાદી તથા પ્રતિવાદીઓને મળવાપાત્ર હકક હિસ્સા યોગ્ય સ્વરૂપે વહેચણી કરી દરેકને સોંપવામાં આવે તે રીતે આદેશ કરવામાં આવે તો અમો પ્રતિવાદી નં.૧ને વાંધો તકરાર નથી. વધુમાં સદરહું કામે જે વાદી ઈન્દુબેન દવારા લખાણ કરી આપવામાં જણાવેલ છે તે **આંક–૪૫** થી પ્રતિ.નં.૨નાઓએ રજુ રાખેલ છે જે અંગે સદરહું પ્રતિ.નં.૨ પોતાની ઉલટતપાસમાં એવુ કબુલ રાખેલ છે કે, *"વાદી ઈન્દુબેન મારા સગા બેન થાય છે. એ વાત ખરી છે કે મારા બાપુજી પરસોતમભાઈ ખોડાભાઈના અવસાન બાદ વાદગ્રસ્ત જમીનની વારસાઈ નોંધ કરવામાં આવેલ એ વાત ખરી છે કે વાદી ઈન્દુબેનનું નામ વાદગ્રસ્ત જમીનમાં વારસાઈ થી નામ ચાલુ છે. એ વાત ખરી છે કે રેવન્યુ રેકર્ડ, કચેરીમાં આ વાદી ઈન્દુબેને પોતાનો સદરહું વાદગ્રસ્ત જમીનમાંથી હકક હિસ્સો જતો કરેલ હોય તેવુ કોઈ સોગંદનામુ કે લખાણ કરેલ નથી." "એ વાત ખરી છે કે **આંક–૩૪** થી રજુ વારસાઈ નોંધ અને ગામ નમુનો હકક પત્રક નં.૬ **આંક–૩૪/એ** માં એન્ટ્રી નં.૮૧૦ થી તા.૧૭.૦૮.૨૦૦૯ મુજબ શાંતુબેન પરસોત્તમભાઈનાઓએ પોતાનો હકક તેમની હયાતીમાં સદરહું તકરારી જમીનમાંથી ઉઠાવી લીધો છે." "એ વાત ખરી છે કે **આંક–૪૫** વાળા રજુ થયેલ લખાણમાં અમારા સંયુકત ખાતા નંબર તથા એકર ગુંઠા લખેલ નથી. એ વાત ખરી છે કે **આંક–૪૫** વાળા લખાણમાં કોઈ તારીખ મહિનો કે વર્ષ લખેલ નથી."* જયારે વાદી સદરહું હકીકત અં ગે પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, *"એ વાત ખરી નથી કે, મારુ અને મારા બહેનોનું રેવન્યુ રેકર્ડમાં નામ ચાલુ રહે તે માટે રેવન્યુ રેકર્ડમાં નામ ચાલુ છે બાકી તમે તમારો હીસ્સો જતો કરેલ છે."* આમ, પ્રતિ.નં.૧નાઓ સદરહું મુદો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય **<u>સદરહું મુદાનો જવાબ હું નકારમાં આપુ છું.</u>**

**<u>(૧૮) મુદા નં.૮ અને ૯ ની ચર્ચાઃ–</u>**

સદરહું મુદાઓ એક બીજા સાથે સંકળાયેલા હોય જેની ચર્ચા સાથે કરવામાં આવે છે. સદરહું કામે વાદી દવારા મુદા નં.૧ થી ૩ પુરવાર કરતા હોય જે અંગે ઉપરોકત મુદા નં.૧ થી ૩માં કરેલ ચર્ચા મુજબ **આંક–૩૫** મુજબના ગામ નમુનો નં.૬ હકક પત્રક મુજબ કુલ ૭ વારસદારોમાંથી વિજયાબેન મરણ ગયેલ હોય તેમજ શાં તુબેનનાઓએ પોતાનો હકક હિસ્સો સદરહું તકરારી ખેતીની જમીનમાંથી રાજીખુશી થી જતો કરેલ હોય જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં તા.૧૭.૦૮.૨૦૦૯ નોંધ નં.૮૧૦ થી કરવામાં આવેલ છે જેથી સદરહું **આંક–૩૫** મુજબના વારસદારોમાંથી **આંક–૩૧, ૩૨, ૩૩** મુજબ કુલ ૫ વારસદારોના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલુ છે. જેમાં મધુબેન પરસોતમભાઈનાઓ ગુજરી જતા તેમના વારસદારો સદરહું કામે પ્રતિ.નં.૪.૧, ૪.૨, ૪.૩ રેકર્ડ ઉપર હોય જેથી સદરહું તકરારી ખેતીની જમીનમાં કુલ ૫ (પાંચ) વારસદારો હિસ્સા વહેચણ માટેના હયાત છે.

***<u>Hindu Succession Act-1956,</u>***

***<u>Section-8. General rules of succession in the case of males.-</u>***

*The property of a male Hindu dying intestate shall devolve according to provisions of this Chapter-*

*(a) firstly, upon the heirs, being the relatives specified in Class I of the Schedule;*

*(b) secondly, if there is no heir of Class I, then upon the heirs, being the relatives specified in Class II of the Schedule;*

***<u>Section-9. Order of succession among heirs in the Schedule-</u>***

*Among the heirs specified in the Schedule, those in Class I shall take simultaneously and to the exclusion of all other heirs; those in the first entry in Class II shall be preferred to those in the second entry; those in the second entry shall be preferred to those in the third entry; and so on in succession.*

***<u>Section-10. Distribution of property among heirs in Class I of the Schedule.-</u>***

***Rule-2:-*** *The surviving sons and daughters an the mother of the intestate shall each take on share.*

સાથે વાંચતા,

વાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૧ થી ૪ ને સદરહું તકરારી ખેતીની જમીનમાંથી સરખે હિસ્સે એટલે ૧/૫ હિસ્સો દરેકના ભાગે આવે અને વાદીઓને સદરહું ૧/૫ હિસ્સો વહેંચણમાં આવે છે. આમ, વાદીઓએ માંગેલ **આંક–૧** પેરા ૧૩ (અ) મુજબની દાદ મળવા પાત્ર થાય છે અન્ય દાદ માટે વાદી મુદા નં.૪ની ચર્ચા મુજબ સદરહું મુદો વાદી પુરવાર કરતા ન હોય જેથી **આંક–૧** પેરા ૧૩ (બ) મુજબની દાદ મળવાપાત્ર થતી નથી તેમજ અન્ય દાદ સદરહું **આંક–૧** પેરા ૧૩ (ક) મુજબ સદરહું કામે વાદી તરફે પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે તેઓ ૧૦ વર્ષ પહેલા મારી પાંચમા ભાગની જમીનમાં બીજા મારફતે ખેતી કરાવતી હતી મેં આ રીતે ચાર–પાંચ વર્ષ ખેતી કરાવી હતી આ ખેતી કોની પાસે કરાવતી હતી તેનુ નામ મને હાલ યાદ નથી મારી પાસે આ ખેતી કરાવા અંગેના કોઈ લેખિત આધાર પુરાવા નથી. વધુમાં સદરહું વાદી પોતાની ઉલટતપાસમાં એવી પણ હકીકત કબુલ રાખેલ છે કે, *"એ વાત ખરી છે કે દાવાવાળી ખેતીની જમીનમાં પ્રતિ.નં.૨નાઓ કયા પાકની ખેતી કરે છે અને કેટલી ઉપજ મેળવે છે તેવી કોઈ હકીકત મારી દાવા અરજીમાં જણાવેલ નથી."* આમ, સદરહુ વાદી મીન્સપ્રોફીટ બાબતે કોઈ હકીકત રેકર્ડ પર પુરવાર કરી શકતા ન હોય તેમજ તે અંગે કોઈ કાર્યવાહી કરીને મીન્સપ્રોફીટ માટે પ્રયત્ન કરેલ ન હોય જેથી સદરહું દાદ તેઓને મળવાપાત્ર થતી નથી. વધુમાં વાદી પોતાની ***આંક–૧, પેરા–૧૩(અ)*** માં જે ત્રણ મકાન આવેલા છે એવી હકીકત જણાવે છે જે અંગે **આંક–૩૭** થી મોજે ગામ ભંડારીયાનું આકારણી પત્રક રજુ રાખેલ છે જેમાં ક્રમ ૧૬૭ માં કનુભાઈ પરસોતમભાઈ વાળંદ એવુ લખેલ છે સદરહું મકાન અંગે પ્રતિવાદી નં.૨ પોતાના લેખિત જવાબ ***આંક–૧૨, પેરા–૮,*** પાના નં.૪ ઉપર વડીલોપાર્જીત જુના અગાઉના રહેણાંકના મકાન ભંડારીયા ગામ

મુકામે આવેલ તે હાલ પડી ગયેલ હાલતમાં હોય તેમજ અમો પ્રતિ.નં.રનાએ અમારા જુના મકાનની બાજુમાં ગામતળમાં આશરે ૨૪×૩૨ ફુટની જગ્યા વર્ષ ૨૦૦૮માં વેચાણ રાખી તેમા અન્ય રહેણાંકના મકાન બનાવેલા હોય અને તેમા અમો પ્રતિ.નં.૨ અમારા પરીવાર સાથે રહેતા હોય તેમજ જે મકાનની મિલ્કત અમો પ્રતિ.નં.રના નામે કાયદેસર રીતે ગ્રામપંચાયતમાં નોંધાયેલ હોય. સદરહું હકીકત અંગે પ્રતિ.નં.ર પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, *"હાલના મારા પુત્ર વિજયભાઈ અને અજયભાઈના નામના મકાનના ગામ નમુના નં.ર આ કામે મે રજુ કરેલા નથી. મે મારા સોગંદનામામાં જણાવ્યા મુજબ મારા દિકરાઓએ અમારા જુના મકાન પડી ગયા બાદ નવા મકાન બનાવ્યા તે મકાન બનાવવા માટે મે મારા ભાઈ બહેનોની કોઈ લેખિત સંમતી મેળવેલ નહી."* સદરહું હકીકત અં ગે વાદી પોતાની ઉલટતપાસમાં એવુ જણાવે છે કે, *" એ વાત ખરી છે કે, મે દાવા અરજીમાં મારા પિતાના ત્રણ મકાનનો ઉલ્લેખ કરેલ છે તે ત્રણ મકાનનું ક્ષેત્રફળ તથા ઘર નંબર જણાવેલ નથી. આ મકાન કોના નામે ભંડારીયા ગ્રામપંચાયતમાં ચાલે છે તેની મને ખબર નથી."*

આમ, વાદી તકરારી ખેતીની જમીન અંગે ચોકકસ પુરાવો રજુ રાખેલ છે. જયારે વાદી પોતાના વડીલો પાર્જીત ત્રણ મકાનો અંગે ચોકકસ મિલ્કતની ઓળખ અંગેનો પુરાવો રજુ રાખી શકેલ નથી પરંતુ પ્રતિવાદી નં.ર ની ઉલટતપાસ મુજબ અને કબુલાત મુજબ સદરહું પ્રતિવાદી નં.૨ **આંક–૩૭** થી જે મિલ્કત ધરાવે છે તે તથા પ્રતિ.નં.રનાએ રજુ રાખેલ **આંક–૪૭ અને ૪૮** વાળી મિલ્કત તેઓની સ્વપાર્જીત મિલ્કત હોય તેવો કોઈ પુરાવો રજુ રાખેલ નથી પરંતુ તેઓ **આંક–૪રની** પોતાની સોગંદનામા સ્વરૂપની સરતપાસના ***પેરા–૩*** માં કબુલ રાખે છે કે મોજે ભંડારીયા મુકામે જુના ગામતળમાં અમોના સ્વ.પિતાજીની મુળ માલીકીના અગાઉ જે કાચા ગાર માટીના જુના રહેણાંકના મકાન આવેલ હતા તે ત્યારબાદ પડી જવાથી તે મકાનની જમીનમાં અમો પ્રતિ.નં.રના પુત્રો શ્રી અજયભાઈ તથા વિજયભાઈ વિગેરેનાઓ દવારા તેઓના સ્વખર્ચે ઘણા સમય પહેલા નવા રહેણાંકના મકાન બનાવવામાં આવેલ હોય અને તે મકાનમાં તેઓ તેમના કુટુંબ પરીવાર સાથે હાલ સુધી રહેતા આવેલ છે તેમજ સદર મકાન ભંડારીયા ગ્રામપંચાયત કચેરીના વેરા રજીસ્ટરમાં તેઓના નામે નોંધાયેલ છે અને તે અંગેની અસલ વેરા પાવતીઓ અમોએ સદર કામે રજુ રાખેલ છે. સદરહું મિલ્કતમાં વાદીની કોઈ સંમતી પ્રતિ.નં.રનાઓએ મેળવ્યા વિના સદરહું વડીલો પાર્જીત મકાનની જગ્યામાં નવા મકાન બનાવેલ હોય સદરહું ત્રણ મકાનની જમીનમાં વાદીનો ૧/૬ ભાગ આવેલ છે કારણ કે શાતુંબેન પરસોતમભાઈનાઓએ તેઓનો હકક હિસ્સો માત્ર ખેતીની જમીનમાંથી સ્વેચ્છીક રીતે ઉઠાવેલ છે પરંતુ પોતાના પિતાના વીડલો પાર્જીત ત્રણ મકાનો માંથી પોતાનો હકક હિસ્સો જતો કરેલો હોય તેવુ વાદી આ કામે રેકર્ડ પર પુરવાર કરતા ન હોય જેથી સદરહું રહેણાંકના ત્રણ મકાનમાં વાદીનો ૧/૬ ભાગ આવેલ છે. જેથી **સી.પી.સી. કલમ–૫૪ સાથે ઓર્ડર–૨૦, રૂલ–૧૮(૧) તેમજ એ.આઈ.આર. ૧૯૭૮, એસ.સી. ૧૨૩૯** સાથે વાંચતા...

***<u>Section-54. of Civil Procedure code</u>***

***Partition of estate or Separation of share.****- Where the decree is for the partition of an undivided estate assessed to the payment of revenue to the Government, or for the separate possession of a share of such an estate, the partition of the estate or the separation of the share shall be made by the collector or any Gazetted sub ordinate of the Collector deputed by him in this behalf, in accordance with the law (if any) for the time being in-forced relating to the partition, or the separate possession of share, of such estates.*

***<u>Order 20 Rule 18 of Civil Procedure code:-</u>***

***"Decree in suit for partition of property or separate possession of a share therein."***

*Where the Court passes a decree for the partition of property or for the separate possession of a share therein, then-*

***(i)*** ***if and insofar as the decree relates to and estate assessed to the payment of revenue to the Government, the decree shall declare the rights of the several parties interested in the property, but shall direct such partition or separation to be made by the Collector, or any Gazetted subordinate of the Collector deputed by him in this behalf, in accordance with such declaration and with the provisions of sec-54.***

મુજબ વાદીનો તકરારી જમીન ૧/૫ હિસ્સો તથા તકરારી મકાનમાં ૧/૬ હિસ્સો સમાયેલ છે, નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા

***2020 (0) AIJEL - SC 66451 Hon'ble Judges Arun Mishra, S Abdul Nazeer,***

***M.R. Shah,***

***Vinita Sharma Vs. Rakesh Sharma and others***

ના કામે પેરા–૧૨૯ માં ઠરાવ્યા મુજબ,

***129. Resultantly, we answer the reference as under:***

*(i)* *The provisions contained in substituted Section 6 of the Hindu Succession Act, 1956 confer status of coparcener on the daughter born before or after amendment in the same manner as son with same rights and liabilities.*

*(ii) The rights can be claimed by the daughter born earlier with effect from 9.9.2005 with savings as provided in Section 6(1) as to the disposition or alienation, partition or testamentary disposition which had taken place before 20th day of December, 2004.*

*(iii) Since the right in coparcenary is by birth, it is not necessary that father coparcener should be living as on 9.9.2005.*

*(iv) The statutory fiction of partition created by proviso to Section 6 of the Hindu Succession Act, 1956 as originally enacted did not bring about the actual partition or disruption of coparcenary. The fiction was only for the purpose of ascertaining share of deceased coparcener when he was survived by a female heir, of Class-I as specified in the Schedule to the Act of 1956 or male relative of such female. The provisions of Page 56 of 57Licenced to : Mr. Rahul Lalitbhai Trivedi (GJ00562) the substituted Section 6 are required to be given full effect. Notwithstanding that a preliminary decree has been passed the daughters are to be given share in coparcenary equal to that of a son in pending proceedings for final decree or in an appeal.*

*(v) In view of the rigor of provisions of Explanation to Section 6(5) of the Act of 1956, a plea of oral partition cannot be accepted as the statutory recognized mode of partition effected by a deed of partition duly registered under the provisions of the Registration Act, 1908 or effected by a decree of a court. However, in exceptional cases where plea of oral partition is supported by public documents and partition is finally evinced in the same manner as if it had been affected by a decree of a court, it may be accepted. A plea of partition based on oral evidence alone cannot be accepted and to be rejected out rightly.*

ઉપરોકત ઠરાવ્યા મુજબ વાદીને તેમના પિતાની ખેતીની જમીન માં ૧/૫ તથા ત્રણ મકાનોમાં ૧/૬ હિસ્સો પ્રાપ્ત થાય છે તેવી જ રીતે અન્ય પ્રતિવાદીઓનો ખેતીની જમીનમાં ૧/૫ તથા તકરારી ત્રણ મકાનમાં ૧/૬ હિસ્સો સમાયેલ છે.

આમ, ઉપર મુજબની તમામ ચર્ચાઓને ધ્યાનમાં રાખી **હું મુદા નંબર–૮નો જવાબ અંશતઃ હકારમાં આપુ છું અને મુદા નં.૯નો જવાબ હું નકારમાં આપુ છું.**

## –:: પ્રાથમિક હુકમનામુ ::–

૧. વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. સદર દાવાવાળી તકરારી ખેતીની જમીન મોજે ગામ ભંડારીયામાં આવેલ સીમ સર્વે નં.૩/૧ ની હેકટર ૪.૫૯.૩૨ આરે વાળી આકાર રૂપીયા ૨૧.૦૬ પૈસા વાળી ખાતા નં.૬૮ની જુની શરતની વાળંદવાળુના નામે ઓળખાતી પીયત પ્રકારની વડીલો પાર્જીત ખેતીની જમીનમાંથી વાદીને ભાગે ૧/૫ મુજબ આવેલ હોય તથા દાવાવાળા તકરારી મકાનો મોજે ભંડારીયા ગામમાં આવેલ મિલ્કત નં.૯૯ **આંક–૪૭**, ૧૨૩ **આંક–૪૮** અને **આંક–૩૭** માં જણાવ્યા મુજબ અનું. નં.૧૬૭ વાળા મકાનોમાં વાદીનો ૧/૬ હિસ્સો આવેલ હોય તેવુ ઠરાવવામાં આવે છે.

૩. ઉપરોકત તકરારી ખેતીની જમીન સી.પી.સી. કલમ–૫૪ મુજબ કલેકટરશ્રી, બોટાદનાઓએ મોજે ગામ ભંડારીયામાં આવેલ સીમ સર્વે નં.૩/૧ ની હેકટર ૪.૫૯.૩૨ આરે વાળી આકાર રૂપીયા ૨૧.૦૬ પૈસા વાળી ખાતા નં.૬૮ની જુની શરતની વાળંદવાળુના નામે ઓળખાતી પીયત પ્રકારની સદરહું ખેતીની જમીનમાં વાદીનો ૧/૫ હિસ્સો વહેચણ કરી દાવા વાળી ખેતીની જમીનનુ પ્રત્યક્ષ સ્થળ ઉપર નિયમોનુસાર ખુંટ મારી કબજો સોંપવો તેમજ તે મુજબની રેવેન્યુ રાહે કાર્યવાહી કરી સદરહું ૧/૫ વિભાજનની એન્ટ્રી સદરહું દાવા વાળી જમીનના ૭ અને ૧૨ માં કરવી અને જો સદરહું સોપંણી કરવા બાબતે કે તેની રેવેન્યુ એન્ટ્રી કરવા બાબતે "ટુંકડા ધારા" નો બાધ નડતો હોય તો સદરહું દાવા વાળી જમીનમાં વાદીઓના હિસ્સે આવતી ૧/૫ હિસ્સાની જમીનમાં યોગ્ય નિશાન કરી અને ખુંટમારી તેઓને તેમના હિસ્સે આવતી જમીન સોપી આપવી. વધુમાં કલેકટરશ્રી બોટાદ સદરહું વહેચણ અંગે અન્ય ન્યાયિક નિર્ણય કરવાને હકકદાર રહેશે.

૫. સદરહું હુકમ / હુકમનામુ કલેકટરશ્રી, બોટાદનાઓને મળ્યે થી દિન–૬૦માં સદરહું હુકમની અમલવારી કરી વહેચણ અંગેનો રીપોર્ટ અત્રેની કોર્ટને કરવો.

૬. સદરહું મોજે ભંડારીયા ગામે આવેલ દાવાવાળા તકરારી ત્રણ મકાનો વડીલો પાર્જીત હોવાનુ આથી ઠરાવવામાં આવે છે અને તેમાં વાદીનો ૧/૬ હિસ્સો આવતો હોવાનુ ઠરાવવામાં આવે છે સદરહું દાવા વાળી

મિલ્કત રહેણાંકી મકાનો હોય તેમજ તેમા તમામ પ્રતિવાદીઓનો સંયુકત હિત હિસ્સો રહેલ હોય જેથી સી.પી.સી. ઓર્ડર–૨૦, રૂલ–૧૮(૨) મુજબ કોર્ટ કમિશ્નરની નિમણુંક કરવી જરુરી હોય જેથી સદરહું તકરારી ત્રણ મકાનોમાં વાદીનો સમાયેલ ૧/૬ હિસ્સો વાદીને સોંપી આપવા તકરારી ત્રણેય મકાનો મોજે ગામ ભંડારીયા, તા.ગઢડા ખાતે રુબરુ પરીસ્થીતી જોઈને વહેચણી કરવી જરુરી હોય જેથી કોર્ટ કમિશ્નર તરીકે સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી ટી.પી.ચાવડાનાઓની નિમણુંક કરવામાં આવે છે. કોર્ટ કમિશ્નરશ્રીએ દાવાવાળા ત્રણ તકરાક્ષ્રી મકાનો પૈકી વાદીને હિસ્સે આવતો ૧/૬ મો ભાગ અલગ કરી ને વાદીને સોંપવા હુકમ કરવામાં આવે છે.

૭. વાદીએ સદરહું કોર્ટ કમિશ્નરની મહેનતાણાની રકમ રૂા.૮,૦૦૦/– (અંકે રૂપીયા આઠ હજાર પુરા) જમા કરાવ્યેથી કોર્ટ કમિશ્નરને સદરહું વહેચણ અંગેનું કમીશનપત્ર કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

૮. કોર્ટ કમિશ્નરશ્રીએ કમીશન પત્ર મળ્યે થી દિન–૬૦માં કરેલ કાર્યવાહીનો રીપોર્ટ અત્રેની કોર્ટને કરવો.

૯. ખર્ચ અંગે કોઈ હુકમ આખરી હુકમનામા સમયે કરવામાં આવશે.

૧૦. હુકમ મુજબનુ હુકમનામુ દોરવુ

આજ રોજ તારીખ ૨૯મી, માહે. મે, સને–૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

તા.૨૯–૦૫–૨૦૨૩
ગઢડા

**(રાહુલ લલીતભાઈ ત્રિવેદી)**
પ્રિન્સીપાલ સિવીલ જજ, ગઢડા
જજ કોડઃજી.જે.૦૦૫૬૨